# 2 મે થી CA ફાઉન્ડેશનથી લઇ ફાઇનલ સુધીની પરીક્ષાનો પ્રારંભ

**3 માર્ચથી** રજિસ્ટ્રેશન શરુ થશે, ગુજરાતના ૨૩ શહેરોમાં આયોજન

સુરતઃ ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા મે 2026 માં યોજાનારી સીએ ફાઉન્ડેશન, ઈન્ટરમિડિયેટ અને ફાઈનલ પરીક્ષાઓનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થતાં જ સીએ વિદ્યાર્થીઓમાં તૈયારીનો માહોલ જોવા મળી રહ્યો છે. ICAI દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર સીએની તમામ પરીક્ષાઓ 2 મે થી 20 મે 2026 દરમિયાન યોજાશે.

આ પરીક્ષાઓ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા 3 માર્ચ 2026 થી શરૂ થશે અને નિયમિત ફી સાથે 16 માર્ચ 2026 સુધી વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે. જો કોઈ કારણસર સમયમર્યાદા ચૂકી જાય તો 19 માર્ચ 2026 સુધી રૂ. 600 લેઈટ ફી સાથે રજિસ્ટ્રેશન કરવાની તક આપવામાં આવી છે. ફાઉન્ડેશન લેવલમાં પ્રવેશ કરેલા વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા સીએ કારકિર્દીની પ્રથમ મહત્વપૂર્ણ કડી હોવાથી વિદ્યાર્થીઓમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ICAI દ્વારા ગુજરાત રાજ્યમાં સુરત, અમદાવાદ, વડોદરા સહિત કુલ 23 શહેરોમાં સીએ પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે, જેથી રાજ્યભરના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા સરળતા રહે. નોંધનીય બાબત એ છે કે રજિસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ ૨૦થી ૨૨ માર્ચ ૨૦૨૬ દરમિયાન કરેક્શન વિન્ડો ખુલ્લી રહેશે, જેમાં વિદ્યાર્થીઓ પોતાનું પરીક્ષા શહેર અને માધ્યમ બદલવાની સુવિધાનો લાભ લઈ શકશે. ICAI દ્વારા વિદ્યાર્થીઓને જવાબ અંગ્રેજી સાથે હિન્દી ભાષામાં લખવાની પણ મંજૂરી આપવામાં આવી છે, જે અનેક વિદ્યાર્થીઓ માટે રાહતરૂપ સાબિત થશે.

### સીએની પરીક્ષાનો કાર્યક્રમ

» 3 માર્ચથી રજિસ્ટ્રેશન શરુ થશે » 16 માર્ચ સુધી ફોર્મ ભરી શકાશે » 19 માર્ચ સુધી લેઇટ ફી સાથે ફોર્મ ભરી શકાશે » 2,4 અને 6 મેના રોજ ફાઇનલ ગ્રુપ 1ની પરીક્ષા » 8,10 અને 12 મેના રોજ ફાઇનલ ગ્રુપ 2ની પરીક્ષા » 3, 5 અને 7 મેના રોજ ઇન્ટરમીડિયેટ ગ્રુપ 1ની પરીક્ષા » 9, 11 અને 13 મેના રોજ ઇન્ટરમીડિયેટ ગ્રુપ 1ની પરીક્ષા » 14, 16, 18 અને 20 મે ફાઉન્ડેશનની પરીક્ષા યોજાશે

# રાજ્યમાં શીતલહેરની અસર, 72 કલાક સુધી ઠંડી વધશે

**નલિયા** અને અમરેલીમાં 11 ડિગ્રી ઠંડી

ગાંધીનગરઃ પૂર્વીય પવનની અસર હેઠળ રાજ્યમાં શીત લહેરની અસર જોવા મળી રહી છે. ખાસ કરીને કચ્છ અને અમરેલી શીત લહેર ચપેટમાં આવી ગયા છે. આજે રવિવારે કચ્છના નલિયામાં અને અમરેલીમાં 11 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજ્યમાં ખાસ કરીને આગામી 72 કલાક સુધી ઠંડી વધશે. નલિયા-અમરેલી ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે.

રાજ્યમાં આજે રવિવારે ઠંડીનો ચમકારો વધ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સામાન્ય કરતાં સાવ નીચું તાપમાન નોંધાવવા પામ્યું છે. કચ્છમાં ઠંડી વધતા જનજીવનને અસર થવા પામી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં આગામી 72 કલાક દરમ્યાન 2થી 3 ડિગ્રી જેટલી ઠંડી વધશે. રાજ્યના વિવિધ શહેરોમાં ગરમીનો પારો સરેરાશ 30થી 32 ડિ.સે..ની આસપાસ રહ્યો હતો.

હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યના અન્ય શહેરો પૈકી ભૂજમાં 14 ડિ.સે.,નલિયામાં 11 ડિ.સે., કંડલા પોર્ટ પર 16 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., અમરેલી ડિ.સે. 11 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 13 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 15 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 14 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 12 ડિ.સે., સુરતમાં 15 ડિ.સે. અને દમણમાં 14 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

# કલોલ સ્ટેશન પર 4 ટ્રેન માટે વધારાના સ્ટોપેજનો નિર્ણય



**મુસાફરોની** લાંબા સમયની માંગ પશ્ચિમ રેલવેએ પૂરી કરી

સુરતઃ મુસાફરો તરફથી લાંબા સમયથી રાહ જોવાતી માંગણીને ધ્યાનમાં રાખીને, રેલવે વહીવટીતંત્રએ વલસાડ-વડનગર એક્સપ્રેસ, દિલ્હી સરાય રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ, જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ અને મુઝફ્ફરપુર-સાબરમતી એક્સપ્રેસ માટે ટ્રાયલ ધોરણે કલોલ સ્ટેશન પર વધારાના સ્ટોપેજ આપવાનો નિર્ણય લીધો છે.

### અમદાવાદ- તિરુચિરાપલ્લી વીકલી સ્પેશિયલ ટ્રેન ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે

**ચેન્નાઇ** એગ્મોર સ્ટેશને પુનર્વિકાસ કામગીરીને કારણે રૂટ બદલાયો

સુરતઃ દક્ષિણ રેલવે પર ચેન્નાઈ એગ્મોર (RUS) સ્ટેશન પર પ્લેટફોર્મ 5 અને 6 પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યને કારણે, 60 દિવસનો બ્લોક લાદવામાં આવ્યો છે, જેના પરિણામે અમદાવાદ-તિરુચિરાપલ્લી વીકલી સ્પેશિયલ ટ્રેન ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ટ્રેન નંબર 09419 અમદાવાદ-તિરુચિરાપલ્લી વીકલી સ્પેશિયલ ટ્રેન 18 ડિસેમ્બર, 2025 થી 29 જાન્યુઆરી, 2026 સુધી રેનિગુંટા-અરક્કોનમ નોર્થ કેબિન-મેલાપક્કમ-કટપડી-વેલ્લોર કેન્ટ-વિલ્લુપુરમ થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. આ સમયગાળા દરમિયાન ટ્રેન અરક્કોનમ, પેરામ્બુર, ચેન્નાઈ એગ્મોર, તાંબરમ અને ચેંગલપટ્ટુ સ્ટેશનો પર દોડશે નહીં.ટ્રેન નંબર ૦૯૪૨૦ તિરુચિરાપલ્લી-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ 21 ડિસેમ્બર 2025થી 02 ફેબ્રુઆરી 2026 સુધી વેલ્લોર કેન્ટ-કટપડી-મેલાપક્કમ-અરક્કોનમ નોર્થ કેબિન-રેનીગુંટા થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. આ સમયગાળા દરમિયાન, ટ્રેન ચેંગલપટ્ટુ-તંબરમ અને ચેન્નાઈ એગ્મોર, પેરામ્બુર, અરાક્કોનમ સ્ટેશનો પર કોલ કરશે નહીં.ડાયવર્ટ કરેલા રૂટ દરમિયાન, ટ્રેન તિરુત્તાની સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ રાખશે.

### ૧. વલસાડ-વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ

ટ્રેન નં. ૨૦૯૫૯ વલસાડ-વડનગર એક્સપ્રેસ 16 ડિસેમ્બર, 2025થી સવારે ૧૧:૩૭ વાગ્યે કલોલ સ્ટેશન પર આવશે અને સવારે ૧૧:૩૯ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૨૦૯૬૦ વડનગર-વલસાડ એક્સપ્રેસ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ થી સાંજે ૬:૧૫ વાગ્યે કલોલ સ્ટેશન પર આવશે અને સાંજે ૬:૧૭ વાગ્યે ઉપડશે.

### ૨. દિલ્હી સરાઇ રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૨૨૧૫ દિલ્હી સરાઈ રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ કલોલ સ્ટેશન પર ૨૨:૪૧ વાગ્યે પહોંચશે અને ઉપડશે ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫થી ૨૨:૪૩ કલાકે. તેવી જ રીતે, ટ્રેન નં. ૧૨૨૧૬ બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાઈ રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫થી કાલોલ સ્ટેશન પર ૨૦:૧૧ કલાકે પહોંચશે અને ૨૦:૧૩ કલાકે ઉપડશે.

### ૩. જોધપુર-કેએસઆર બેંગલુરુ દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૬૫૦૭ જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫થી કાલોલ સ્ટેશન પર ૧૧:૫૫ કલાકે પહોંચશે અને ૧૧:૫૭ કલાકે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૧૬૫૦૮ કેએસઆર બેંગલુરુ-જોધપુર એક્સપ્રેસ ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫થી કાલોલ સ્ટેશન પર ૦૬:૧૯ કલાકે પહોંચશે અને ૦૬:૨૧ કલાકે ઉપડશે.

### ૪. મુઝફ્ફરપુર-સાબરમતી સાપ્તાહિક જનસાધારણ એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૫૨૬૯ મુઝફ્ફરપુર-સાબરમતી જનસાધારણ એક્સપ્રેસ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૦૫:૫૩ વાગ્યે પહોંચશે અને ૦૫:૫૫ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૧૫૨૭૦ સાબરમતી-મુઝફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૧૮:૨૮ વાગ્યે પહોંચશે અને ૧૮:૩૦ વાગ્યે ઉપડશે.

# આજીવન કેદીનું સિવિલમાં ખભાના દુ:ખાવાની સારવાર દરમિયાન મોત!

**દુખાવાની** સામાન્ય ફરિયાદ બાદ તબિયત બગડતાં મોત, ફોરેન્સિક પીએમથી ખુલશે સાચું કારણ

**લાજપોર** જેલમાં નવસારીના દુષ્કર્મ કેસમાં અંતિમ શ્વાસ સુધીની સજા ભોગવી રહ્યો હતો

સુરતઃ સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાંથી સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા એક આજીવન કેદીનું મોત થતાં જેલ અને આરોગ્ય તંત્રની કામગીરી પર ફરી પ્રશ્નચિન્હ ઊભું થયું છે. ખંભાના દુખાવાની ફરિયાદ સાથે હોસ્પિટલમાં દાખલ કરાયેલા કેદીની તબિયત અચાનક બગડતા મોત થયું હોવાનું સામે આવ્યું છે. મૃતક કેદીનું આવતીકાલે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવશે, જેના રિપોર્ટ બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ નવસારી જિલ્લાના ધારી ગામનો રહેવાસી અને લાજપોર જેલમાં અંતિમ શ્વાસ સુધીની સજા ભોગવી રહેલો 30 વર્ષીય સદ્દામ હુસેન ઉર્ફે ઈરફાન અબ્દુલ અઝીઝ રાઈનીને ખંભામાં અસહ્ય દુખાવાની ફરિયાદ હતી. પ્રાથમિક રીતે જેલ તબીબ દ્વારા સારવાર આપવામાં આવી હતી, પરંતુ સ્થિતિમાં સુધારો ન થતા વધુ સારવાર માટે તેને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સારવાર દરમિયાન જ કેદીનું મોત થતાં સમગ્ર ઘટના ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે. ઉલ્લેખનીય છે કે મૃતક કેદી સદ્દામ હુસેન ઉર્ફે ઈરફાન અબ્દુલ અઝીઝ રાઈની સામે વર્ષ 2021માં નવસારીમાં નોંધાયેલા ગંભીર ગુનાનો કેસ હતો. દશેરા ટેકરી વિસ્તારમાં રહેતા પરિવારની 12 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જવાનો આરોપ તેના પર લાગ્યો હતો.

માતાની ફરિયાદના આધારે નવસારી રૂરલ પોલીસે 18 દિવસ બાદ આરોપી અને સગીરાને ઉત્તર પ્રદેશમાંથી શોધી કાઢ્યા હતા. કોર્ટ દ્વારા કેસની સુનાવણી બાદ આરોપીને દોષિત ઠેરવી અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારવામાં આવી હતી, ત્યારબાદ તે લાજપોર જેલમાં સજા ભોગવી રહ્યો હતો.

આવી પૃષ્ઠભૂમિ ધરાવતા કેદીના અચાનક થયેલા મોતે અનેક શંકાઓને જન્મ આપ્યો છે.

### ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ ઉપર સૌની નજર

હવે સૌની નજર ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ પર ટકેલી છે. રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે કે આ મોત કુદરતી હતું કે સારવારમાં બેદરકારી કે અન્ય કોઈ કારણ જવાબદાર છે. ત્યાં સુધી લાજપોર જેલમાં બનેલી આ ઘટના જેલ વ્યવસ્થા અને કેદીઓની આરોગ્ય સુવિધાઓ અંગે ગંભીર ચર્ચા ઊભી કરી રહી છે.

### કેદીની તબિયત અંગેના તમામ રેકોર્ડની તપાસ કરવામાં આવશે

મોતની જાણ થતાં સચિન પોલીસે હોસ્પિટલ પહોંચી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા ઘટનાના તમામ પાસાઓ તપાસવામાં આવી રહ્યા છે. જેલમાંથી હોસ્પિટલ ખસેડવાની પ્રક્રિયા, સારવાર દરમિયાનની તબીબી નોંધો અને કેદીની તબિયત અંગેના તમામ રેકોર્ડની તપાસ કરવામાં આવશે. અધિકારીઓનું કહેવું છે કે ફોરેન્સિક પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ મોત અંગેની હકીકત સામે આવશે.

# ટેબની સારવારથી દર્દીઓ રોજીંદુ કામ કરતાં થઈ જાય છે

સુરત : ટેબ ટ્રીટમેન્ટ ક્લીનીક એ હાડકાં-સાંધાને લગતી કોઈપણ તકલીફ માટે ઓ.પી.ડી. બેઈઝ પર કોઈપણ સાઈડ ઈફેક્ટ વગર 100% શુદ્ધ આયુર્વેદીક સારવાર આપતું ક્લીનીક છે. પુનામાં છેલ્લા 34 વર્ષથી, નાગપુરમાં 27 વર્ષથી અને સુરતમાં 25 વર્ષથી કાર્યરત છે. આ ક્લિનિકની ખાસિયત એ છે કે, અહીં ઓપરેશન વગર અને કોઈપણ પ્રકારની દુ:ખાવો દબાવવાની દવાઓ આપ્યા વગર દર્દીની સારવાર કરવામાં આવે છે. સારવાર પત્યા પછી કોઈપણ પ્રકારની સપોર્ટીવ કરે છે. મેડીસીન લેવાની જરૂર પડતી નથી. દર્દીએ દાખલ થવાની કે કામકાજ છોડીને ઘરે જ આરામ કરાવાની જરૂર નથી. દર્દી પોતાનું રોજીંદુ કામકાજ કરતાં કરતાં જ સારવાર કરી શકે છે. સારવાર પુરી થયા પછી દર્દી જમીન પર પલાંઠી વાળીને બેસી શકે છે, ઉભડક બેસી શકે છે, દાદરા ચડી-ઉતરી શકે છે. દર્દી પોતાનું કામ સ્વતંત્રપણે જાતે કરી શકે છે. અહીં હાડકાં-સાંધાની અનેક તકલીફો જેમ કે સર્વાઈકલ લંબર સ્પોન્ડીલાઈટીસ, સંધિવાત, આમવાત, લંબર કેનાલ સ્ટેનોસીસ, એન્કાઈલોઝીંગ સ્પોન્ડીલોસીસ, હીપ જોઈન્ટ નેક્રોસીસ, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલ્બો, મસ્કયુલર ડીસ્ટ્રોફી, કાર્ટીલેજ ડેમેજ, લીગામેન્ટ ટરે વ.માં. દર્દીને સંપૂર્ણ સાજા કરવામાં આવે છે.

અમે માત્ર રોગના લક્ષણોની સારવાર કરવાના બદલે પારંપરિક પૂર્ણ આયુર્વેદીક સારવાર કરવાના બદલે પારંપારિર પૂર્ણ આયુર્વેદીક સારવાર આપીએ છીએ.

# ગુજરાત ભાજપના દિગ્ગજ નેતાઓ દિલ્હી પહોંચ્યા

**સંગઠનની** નવી ટીમની જાહેરાતની સંભાવના

ગાંધીનગરઃ સીએમ ભૂપેન્દ્ર પટેલ, ડે.સીએમ હર્ષ સંઘવી, ગુજરાત ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર પણ ગત મોડી રાતના ભાજપના દિલ્હી દરબારમાં પહોંચ્યા છે. આજે પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહ સાથે મહત્ત્વની બેઠક થવાની છે. આજ સપ્તાહમાં ભાજપ સંગઠનનું પ્રદેશ માળખું જાહેર થઈ શકે. ભાજપ સંગઠનની પ્રદેશ માળખાની નિયુક્તિઓમાં 4 પ્રદેશ મહામંત્રી, 6થી 8 પ્રદેશ ઉપાધ્યક્ષ, 8થી 10 પ્રદેશ મંત્રી, 1 ખજાનચી સહિત 20થી 25 હોદેદારની પ્રદેશ ટીમની જાહેરાત થઈ શકે છે. પ્રદેશ ભાજપના 7 મોરચાના પ્રદેશ પ્રમુખોના નામો પણ જાહેર થશે.

# ભટારમાં જૂની અદાવતમાં વાહનો સળગાવ્યા હતા

**ત્રણેય** આરોપી પંપ પરથી પેટ્રોલ ખરીદતી વખતે કેમેરામાં કેદ થઇ ગયા હતા

સુરતઃ સુરતઃ ભટાર બ્રેડ લાઈનર સર્કલ પાસે મધરાતે અજાણ્યાઓ વાહનોમાં આગ ચાંપીને ફરાર થઈ ગયા હતા. આ કેસમાં પોલીસે કેમેરાની મદદથી ત્રણ આરોપીને ઝડપી લીધા હતા. તેમણે જૂની અદાવતનો બદલો લેવા આ કૃત્ય કર્યું હતું. પોલીસ પાસેથી મળતી માહિતી અનુસારભટાર બ્રેડ લાઈનર સર્કલ પાસે ઠાકોરદીપ સોસાયટીમાં રહેતા અનિલ બાલુભાઈ રાઠોડ રિક્ષાચાલક છે. તેમણે કરેલી ફરિયાદ મુજબ તા.૦૭/૧૨/૨૦૨૫ના રોજ રાત્રિના ૦૨.૧૫ થી ૦૨.૪૫ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યો તેમની સોસાયટીમાં પ્રવેશ્યો હતો. તેણે ઘર નં. ૪૪ પાસે પાર્ક કરેલી એક્ટીવા સ્કૂટર (રજી.નં. GJ-05-TY-3913)ને આગ ચાંપી દીધી હતી. ત્યારબાદ તેણે એક્સેસ મોપેડને આગ લગાવી હતી. વાત આટલેથી અટકી ન હતી તેણે અહીં આઉટડોર એસી પણ સળગાવી દીધું હતું. આ ઘટનાની જાણ થતાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. આ કેસમાં પોલીસે તમામ આરોપીને ઝડપી લીધા છે. કેમેરાની તપાસમાં ઘટના પૂર્વે આરોપીઓ પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ ખરીદતા હોવાનું સ્પષ્ટ રીતે નજરે પડ્યું હતું. આ આધાર પર ટેકનિકલ સર્વેલન્સ સાથે પોલીસે શંકાસ્પદોને ટ્રેસ કરી ગણતરીના દિવસોમાં જ ત્રણેયને ઝડપી લીધા હતા.પકડાયેલા આરોપીઓમાં કુણાલ બાબુરાવ સાળુકે (ઉ.વ. 24, રહે. ગોધામણે), યશ સુરજપ્રસાદ પટેલ (ઉ.વ. 25, રહે. હવાડીયા ચકલા) અને રાહુલ દિલીપ ચૌહાણ (ઉ.વ. 28, રહે. અઠવા)નો સમાવેશ થાય છે.

### સુડોકુ ૬૩૯૬ - 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | | ૭ | | | | | ૯ |
| ૬ | | | | | | ૨ | ૧ | ૭ |
| | ૭ | ૯ | | ૨ | | ૫ | ૩ | ૮ |
| ૫ | ૬ | | | ૭ | ૩ | | ૯ | ૧ |
| ૭ | | ૧ | ૮ | ૫ | ૪ | ૬ | ૨ | |
| ૨ | ૮ | | ૬ | | ૧ | ૭ | | ૪ |
| | ૨ | | | ૩ | | ૧ | ૮ | ૬ |
| | | ૭ | | | ૮ | ૯ | | ૨ |
| ૮ | | ૬ | ૯ | ૧ | | | | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ડેંગી (dengue)**

આજ કાલ ફરી મચ્છર પ્રણીત રોગો વધુ દેખા દેવા માંડયા છે. તાવના પ્રથમ લક્ષણો દેખાય એટલે ડોક્ટર સાહેબની સલાહ લો. પાઈરોગોન, સર્વાંગાસન વટી બે, બે ગોળી, ત્રણ વાર લો.પપૈયાના એક પાન નો રસ રોજ એક વાર પીઓ. આરોગ્ય વર્ધિની ગોળી લો. સ્વાસ્થ્ય કિમતી છે. ઘરમાં હાથવગા રાખો.

# ગાંજો પીવા માટેનું ‘ગોગો પેપર’ કેમ ખુલ્લેઆમ વેચાય છે?

**પાનના** ગલ્લાથી લઈ ઓનલાઈન પ્લેટફોર્મ સુધી રોલિંગ પેપરની બેરોકટોક વેચાણ વ્યવસ્થા; સુરત પોલીસે રોક લગાવવા શરૂ કરી કવાયત

સુરતઃ હાઈબ્રીડ ગાંજો અને અન્ય નશીલા પદાર્થો પર કાયદેસર પ્રતિબંધ હોવા છતાં તેને વપરાશ માટે ઉપયોગમાં લેવાતું ‘ગોગો પેપર’ શહેરોમાં ખુલ્લેઆમ વેચાઈ રહ્યું છે. સુરત સહિત રાજ્યના મોટા શહેરોમાં આ સ્થિતિ સામે આવતાં પોલીસે હવે પાન પાર્લર અને ઓનલાઈન પ્લેટફોર્મ પર કાર્યવાહી શરૂ કરી છે.


સુરત, અમદાવાદ કે વડોદરા લગભગ દરેક શહેરમાં એવી બહુ ઓછી પાનની દુકાનો હશે જ્યાં ‘ગોગો પેપર’ તરીકે ઓળખાતા રોલિંગ પેપર ન મળતા હોય. નશીલા પદાર્થો પર કડક કાયદા હોવા છતાં આ પેપર પર સ્પષ્ટ પ્રતિબંધ ન હોવાથી તેનું વેચાણ બિનઅડચણે ચાલી રહ્યું છે. પરિણામે યુવાધન સુધી નશાની પહોંચ વધુ સહેલી બની હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.પાનના ગલ્લાઓ પર આ પેપર સામાન્ય રીતે ખુલ્લેઆમ રાખવામાં આવતા નથી. દુકાનદારો તેનો હેતુ જાણતા હોવાથી ગ્રાહક ખાસ માંગ કરે ત્યારે જ પેકેટ બહાર કાઢે છે. આ ‘છુપા વેચાણ’ની પદ્ધતિને કારણે નશાની સામગ્રી સરળતાથી હાથવગી બની રહી છે. ચિંતાજનક બાબત એ છે કે હવે આ પેપર માત્ર ગલ્લાઓ સુધી સીમિત નથી રહ્યા, પરંતુ ઓનલાઈન પ્લેટફોર્મ પર પણ સરળતાથી ઓર્ડર થઈ રહ્યા છે.આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સુરત પોલીસ અને એસઓજી ટીમે શહેરમાં પાન પાર્લરો પર તપાસ શરૂ કરી છે. અનેક વિસ્તારોમાં દરોડા પાડી ‘ગોગો પેપર’ના પેકેટો જપ્ત કરવામાં આવ્યા છે. સાથે જ વેપારીઓને આ પ્રકારની સામગ્રીનું વેચાણ ન કરવા કડક રીતે સમજાવવામાં આવી રહ્યા છે.માત્ર ઓફલાઈન નહીં પરંતુ ઓનલાઈન ડિલિવરી કરતી કંપનીઓના ગોડાઉન પર પણ તપાસ હાથ ધરાઈ છે. એસઓજી દ્વારા સંચાલકોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે યુવાધનને નશાની દિશામાં ધકેલે તેવી કોઈ પણ વસ્તુનું વેચાણ સહન કરવામાં નહીં આવે. ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે જો ભવિષ્યમાં એપ કે ગોડાઉન મારફતે આવા પેપરનું વેચાણ થયું તો સંચાલકો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. પોલીસનું માનવું છે કે જ્યારે મુખ્ય નશીલો પદાર્થ ગેરકાયદેસર છે, ત્યારે તેને વાપરવાના સાધનો પણ નિયંત્રણ હેઠળ લાવા જરૂરી છે. તેથી ‘ગોગો પેપર’ પર કાયમી પ્રતિબંધ લાવવાની દિશામાં કાયદાકીય પ્રક્રિયા શરૂ કરાઈ છે અને આ અંગે ગૃહ વિભાગને રિપોર્ટ મોકલવાની તૈયારી ચાલી રહી છે.આ મુહિમમાં જનસહયોગને મહત્વપૂર્ણ ગણાવતા સુરત પોલીસે વાલીઓને અપીલ કરી છે કે તેઓ સંતાનોની પ્રવૃત્તિઓ પર નજર રાખે. કોઈ દુકાન કે ઓનલાઈન માધ્યમથી આવી સામગ્રી વેચાતી જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવાની પણ અપીલ કરવામાં આવી છે.

## આઉટર રિંગ રોડ એન્થમ સર્કલ નજીક પૂઠાના ગોડાઉનમાં ભીષણ આગ

સુરતઃ કોસમાડા-સીમાડા આઉટર રિંગ રોડ પર આવેલા એન્થમ સર્કલ નજીક રવિવારે બપોરના સમયે એક પૂઠાના ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. આગ લાગતાં જ આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા દેખાતા સ્થાનિકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગને જાણ મળતા મોટા વરાછા, સરથાણા સહિત ત્રણ ફાયર સ્ટેશનની ટીમો તુરંત સ્થળ પર પહોંચી ગઈ હતી. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પૂઠાનો જથ્થો તેમજ પ્લાસ્ટિકના બોબિન અને અન્ય વેસ્ટેજ સામાન સંગ્રહિત હોવાથી આગ ઝડપથી ફેલાઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો શરૂ કર્યો હતો અને બે કલાકની જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. આ આગની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નહતી, પરંતુ ગોડાઉનમાં રહેલો પૂઠાનો જથ્થો, પ્લાસ્ટિકના બોબિન તેમજ વેસ્ટેજ સામાન સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ ગયો હતો. આગને કારણે ગોડાઉનને પણ ભારે નુકસાન પહોંચ્યું હોવાનું પ્રાથમિક અંદાજે જાણવા મળ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. ફાયર વિભાગ દ્વારા ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. સમયસર ફાયર બ્રિગેડની ટીમ પહોંચી જતાં આગ નજીકની મિલકતોમાં ફેલાતી અટકાવી શકાયી હતી, જેથી મોટું નુકસાન ટળ્યું હતું.

### શબ્દગુંફન - ૭૧૨૦

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. પાલવ, પાંદડું (૩)
૩. વીજળી (૩)
૫. હોડી (૨)
૬. મૂલ્ય, ભાવ (૩)
૭. હિમાલયની ઉત્તરનું એક રાજ્ય (૩)
૯. ખુશી, હરખ (૨)
૧૨. ખાવાની એક વાની (૨)
૧૩. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૫. પાણીનો ઘાટ, જળાશય (૪)
૧૭. વાણી (૨)
૧૮. દોરડાં પર નાચનાર (૨)
૧૯. રસ્તો, ઉપાય (૩)
૨૧. પરવાનગી, છુટ્ટી (૨)
૨૩. એક કઠોળ (૨)
૨૪. અભિષેક બચ્ચનની એક ફિલ્મ (૨)
૨૫. આંટો, ફેરો (૩)
૨૬. દરજ્જો, ઉપાધિ (૨)
૨૭. દેહ, શરીર (૨)
૨૮. રહેવાનું સ્થળ, ઘર (૨)
૨૯. જીવતું, પ્રાણવાન (૩)
30. કસબ, હુન્નર (૨)
૩૧. દાણાદાર લોટ (૨)
૩૨. સારું વર્તન (૨)
33. બાણ, તીર (૨)

**ઊભી ચાવી**

૧. પાંદડાવાળું વૃક્ષ (૩)
૨. સનદી કાયદા શાસ્ત્રી (૩)
૩. ઘાસ કાપવાનું ઓજાર (૪)
૪. સદાચાર, સદાચરણનો ધાર્મિક નિયમ (૨)
૫. કિનારો, કાંઠો, તીર (૨)
૮. શક-શંકા વગર (૩)
૧૦. પરાજય (૨)
૧૧. આપવું તે (૨)
૧૨. રોફ, આબરૂ (૨)
૧૩. બારણા પર નાખવાનો પડદો (૨)
૧૪. સેવક (૩)
૧૫. દહીંમાંથી પાણી કાઢીને બનાવેલો ખાદ્ય પદાર્થ (૩)
૧૬. ગૃહ, મકાન (૨)
૧૭. રાહ, રસ્તો (૨)
૧૮. પર્વત (૨)
૧૯. આદર, સન્માન (૨)
૨૦. ઊંડું, ગૂઢ, દુર્ગમ (૩)
૨૨. જુલમી, નિર્દય (૩)
૨૩. દરિયામાંથી મોતી કાઢનાર (૪)
૨૪. નકામું, બાદ કરેલું (૨)
૨૬. અધોગતિ, પડતી (૩)
૨૭. શોધ, તપાસ (૩)
૨૮. ખનિજ, દ્રવ્ય (૨)

### આજનું પંચાંગ

**તા. 15/12/2025, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** માગશર :
**તિથિઃ** વદ: અગિયારસ:21:20, સફલા એકાદશી-તલ
**રાષ્ટ્રિય દિનાંક :** 24
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**નક્ષત્ર** ચિત્રા:11:09
**યોગ :** શોભન **કરણઃ** બવ **રાશિઃ** તુલા (ર,ત)
**દિવસ :** મિશ્ર, સૂર્ય ધનમાં 28:20થી ધનાર્ક કમૂર્તા પ્રારંભ
**સુરતમાં સૂર્યોદય :** 07:09
**સુરતમાં સૂર્યાસ્ત** : 17:58 **નવકારસી :** 07:57
**પારસી વર્ષ :** 1395, અમદાદ માસનો 03 જો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, જમાદીઉલ આખર માસનો 24મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** 07:30 થી 09:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** દાંપત્યજીવનમાં પ્રપંચ અને અસંતોષનો અનુભવ વધશે. રચનાત્મક કાર્યમાં સફળતા મળે. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** લેવડ-દેવડમાં સાવધાની રાખવી આરોગ્યના ખર્ચા વધશે. નોકરીમાં નવી તક મળે. ખર્ચા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** વિદ્યાર્થીઓને ટેક્નોલોજીનું જ્ઞાન પ્રાપ્ત કરવાની તક મળે. કોઇ ઇનામ મળે. સેરબજારમાં તક મળે.

**કર્ક (ડ,હ,):** નવા ઘરમાં જવાનું બને. નોકરી-રહેઠાણમાં ફેરફાર કે સ્થાન બદલ થાય. બહારના કામ થાય.

**સિંહ (મ,ટ,):** પ્રવાસ, પર્યટન, શિક્ષણ ટેક્નોલોજીને લગતાં કામમાં પ્રગતિ થાય. વિવાદથી અશાંતિ વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** માર્કેટિંગ, શિક્ષણ, ટ્યુશન, ખાણી-પીણી અને પારિવારિક ધંધામાં આવક વધે. ઉઘરાણી આવી શકે છે.

**તુલા (ર,ત,):** નવા સંબંધો મજબૂત થાય. નોકરીમાં પ્રભાવ વધે. દાંપત્યજમાં તાલ મળે રહે. આરોગ્યના કામ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** કોઇ પણ કામમાં ઉતાવળ કરવી નહીં. વિવાદથી દૂર રહેવું. પોલીસ લફરાથી બચવું. ખર્ચા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધે. મિત્રોનો સાથ સામાજિક કામમાં મળે. શેરબાજરમાં તક મળે. સંતાનોના કામ થાય.

**મકર (ખ,જ,):** નોકરીમાં પ્રમોશન મળે. ઉપરી વર્ગનો સાથ મળે. ધધામાં આવક વધે. સામાજિક કામ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ધાર્મિક યાત્રા, સાહિત્ય અને ઉચ્ચ શિક્ષણને લગતાં કામમાં પ્રગતિ થાય. આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** સરકારી કામ, સહી, સિક્કા,વીલ વારસામાં સાવધાની રાખવી. વડીલોની વાત માનવી.

### કોઇ પણ સાલમાં 15 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નવી નોકરીની તલાશપૂર્ણ થાય. નવા ફેરફારથી કામકાજમાં રાહત રહે. ટેક્નોલોજીનો લાભ મળે. નોકરી-ધંધામાં હરીફો વધશે. સમાજમાં માન વધે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. વધારાની આવક માટે યોજનામાં વડીલોની મદદ મળે. સામાજિક કામ, કાયદા અને વારસાના કામમાં પ્રગતિ થાય. મિત્રો-વડીલોની મદદ સંતાનોનાં કામમાં મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પરિવારની અપેક્ષાઓ દોડ-ધામ વધારશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. એપ્રિલ, મે તથા સપ્ટેમ્બર ઓક્ટોબરમાં મહત્વના કામપાર પડે. જુલાઈ-ઓગસ્ટમાં સામાજિક અને કૌટુંબિક સમસ્યા સતાવે.

# વેપારીએ ઈન્સ્ટા ID પર રિક્વેસ્ટ સ્વીકારતા અશ્લીલ મેસેજ, ફોટા, ધમકીનો મારો


સુરતઃ વેસુના કાપડ વેપારીને ઈન્સ્ટાગ્રામ પર અશ્લીલ મેસેજ, અશ્લીલ ફોટા અને માર મારવાની ધમકીઓ મોકલવાના કિસ્સામાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

વેસુ કેનાલ રોડ સ્થિત સૂર્યા ગ્રીનવ્યુમાં રહેતા 32 વર્ષીય રજનીશ ભગવાન મુંદ્રા ટેક્સટાઈલ માર્કેટમાં ‘એસ.એસ. ટેક્સટાઈલ’ નામની કાપડની દુકાન ચલાવીને વેપાર કરે છે. તેઓની ઈન્સ્ટાગ્રામ આઈડી ‘Rajnish^mundhara’ છે. ગત ૨૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ રાત્રે રજનીશ તેના ઘરે ઈન્સ્ટાગ્રામ પર રીલ જોતા હતો ત્યારે ‘sona.mgupta133’ નામની આઈડીમાંથી મેસેજ રિક્વેસ્ટ આવી હતી.

જેથી તેણે રિક્વેસ્ટ સ્વીકારતા જ તે આઈડીમાંથી અશ્લીલ મેસેજ, અશ્લીલ ફોટા અને ગંદી ગાળો આપવાનું શરૂ થયું હતું. આવા મેસેજ નહીં કરવાનું કહેતા માર મારવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી.

આ મામલે વેસુ પોલીસે sona.mgupta133 આઈડી ધારક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.


## શ્રધ્ધાંજલિ



સ્વ.સાગરભાઈ મનસુખભાઈ સોનાણી
સ્વ. તા. ૧૩/૧૨/૨૦૨૫

અકાળે પરમધામ પામેલ અમારા પરિવારના દિકરાને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ.
ભગવાન શ્રી હરિ તેમની આત્માને ચિર શાંતિ આપે અને આ અપરંપાર દુઃખની ઘડીમાં માતા-પિતા તથા પરિવારને અપાર ધૈર્ય અને શકિત પ્રદાન કરે.
પ્રભુ તેમના ચરણોમાં આઆત્માને સ્થાન આપે અને સદગતિ આપે તેવી પ્રાર્થના.
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...
લિ.
ગૃહમ ડેવલપર
મુકેશભાઈ મોતીસરીયા | હરેશભાઈ મોતીસરીયા